# અમદાવાદ  મહાનગર સેવા સદન

## ડ્રેનેજ પ્રોજેક્ટ

સરદાર પટેલ ભવન, દાણાપીઠ,અમદાવાદ - ૩૮૦૦૦૧.
ટેલિફોન નંબર. ૨૫૩૯૧૮૧૧ થી ૩૦

**માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૪(૧) અન્વયે**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**ઈજનેર ડ્રેનેજ પ્રોજેક્ટ**
**નું પ્રોએક્ટીવ ડિસ્કલોઝર**

**અદ્યતન (અપડેટ) તારીખ :  ૩૦ /૦૪/૨૦૦૯**

# <u>રાઈટ ટુ ઈન્ફોર્મેશન</u>

## (ડ્રેનેજ પ્રોજેકટ)

## શ્રી ટી.એમ.લાડ

## પબ્લીક ઈન્ફોર્મેશન ઓફીસર (P.I.O)

# ઈજનેર-ડ્રેનેજ પ્રોજેકટ વિભાગ

## ખાતા નું માળખું

**સ્પે.સીટી એન્જીનીયર**
**શ્રી ટી.એમ.લાડ**
(ડ્રેનેજ પ્રોજેકટ)

**ડે.સીટી એન્જીનીયર**
**શ્રી ફાલ્ગુનભાઇ મિસ્ત્રી**
(ડ્રેનેજ પ્રાજેકટ)

**એડી.ચીફ એન્જીનીયર (ઇન્ચાર્જ)**
**શ્રી એમ.કે.શાહ( ઈલે./મીકે.)**
(ડ્રેનેજ પ્રોજેકટ/ એસ.ટી.પી)

**આસી. સીટી એન્જી.**
**શ્રી આર. ડી. કરેન**
(ડ્રેનેજ પ્રોજેકટ)

**આસી. સીટી એન્જી.**
**શ્રી અતુલભાઇ પટેલ**
(ડ્રેનેજ પ્રોજેકટ)

**આસી.એન્જીનીયર**
**શ્રી આઇ.ડી.રાઠોડ**

**આસી.એન્જીનીયર**
**શ્રી રામાજી ઠાકોર**

**આસી.એન્જીનીયર**
**શ્રી વિનોદભાઇ પટેલ**

**આસી.એન્જીનીયર**
**શ્રી તૃપ્તીબેન ગોહેલ**

**ટેકનીકલ સુપરવાઈઝર**
**શ્રી પાર્થ બ્રહ્મભટ્ટ**

**ટેકનીકલ સુપરવાઈઝર**
**શ્રી અતુલ પટેલ**

**ટેકનીકલ સુપરવાઈઝ**
**શ્રી સંજય બ્રહ્મભટ્ટ**

**સુપરવાઈઝર**
શ્રી કિશોરભાઈ વાઘેલા
શ્રી રમેશભાઈ જોશીયારા
શ્રી જીતેન્દ્રભાઈ કે. દવે
શ્રી અમૃતભાઈ દેસાઈ
શ્રી મનોજભાઈ દવે
શ્રી મીનાબેન ડી. શાહ

**સુપરવાઈઝર**
શ્રી અજયભાઈ પરમાર
શ્રી નિર્મલ યાદવ
શ્રી કીર્તીભાઈ આઈ.પટેલ
શ્રી કીરીટભાઈ પટેલ
શ્રી પ્રવિણચંદ્ર જયસ્વાલ
શ્રી વિલાસબેન આર. પટેલ

## ઈજનેર :- ડ્રેનેજ પ્રોજેકટ

### સ્ટાફ ની માહિતી

| અ.નં. | નામ | હોદ્દો | ટેલીફોન નંબર | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ટી.એમ.લાડ | સ્પે.સી.ઈ.<br>(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૭૪૫૦૩૮૭૦ | Ext - ૪૬૫ |
| ૨. | શ્રી ફાલ્ગુનભાઇ મિસ્ત્રી | ડે. સી.ઈ.<br>(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૭૫૫૫૨૧૮ | Ext – ૪૮૨ |
| ૩. | શ્રી એમ.કે.શાહ | એડી.ચીફ એન્જી. (ચાર્જ)<br>( ઈલે./મીકે.)<br>(એસ.ટી.પી / ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૭૦૩૮૭૯૬ | Ext – ૪૮૨ |
| ૪. | શ્રી આર.ડી.કરેણ | આસી. સી.ઈ. (ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૭૭૬૬૭૬૩૫ | Ext – ૪૮૨ |
| ૪. | શ્રી અતુલભાઇ પટેલ | આસી. સી.ઈ.(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૮૧૪૮૮૬૯ | Ext – ૪૮૨ |
| ૫. | શ્રી આઈ.ડી. રાઠોડ | આસી.ઈ.(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૭૫૮૪૧૩૫ | Ext – ૪૮૨ |
| ૭. | શ્રી વિનોદભાઇ પટેલ | આસી.ઈ.(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M- ૯૩૨૭૫૬૪૭૦૬ | Ext – ૪૮૨ |
| ૮. | શ્રી આર.એમ. ઠાકોર | આસી.ઈ.(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૮૧૪૮૮૮૬ | Ext – ૪૮૨ |
| ૯. | શ્રી તૃપ્તીબેન ગોહેલ | આસી.ઈ.(ડ્રેનેજ પ્રોજેકટ) | O-૦૭૯-૨૫૫૩૯૧૮૧૧<br>M-૦૯૩૨૭૪૧૪૫૬૩ | Ext – ૪૮૨ |

# ઈજનેર :- ડ્રેનેજ પ્રોજેકટ સ્ટાફની માહિતી

| અનું | નામ | હોદો | માસીક ગ્રોસ પગાર |
|---|---|---|---|
| ૧ | શ્રી ટી.એમ.લાડ | સપે. સી.ઈ. | રૂ. ૬૧,૮૪૬=૦૦ |
| ૨ | શ્રી ફાલ્ગુનભાઈ મિસ્ત્રી | ડે.સી.ઇ. | રૂ.૨૫,૫૪૦=૦૦ |
| ૩ | શ્રી એમ. કે. શાહ | એડી.ચીફ.એન્જી. (ઈલે/મીકે) | રૂા.૩૨,૪૫૨=૦૦ |
| ૪ | શ્રી રત્નાજી કરેન | આસી. સી.ઇ. | રૂ.૨૬૧૩૫=૦૦ |
| ૫ | શ્રી અતુલભાઇ પટેલ | આસી. સી.ઇ. | રૂ.૩૦,૫૦૦=૦૦ |
| ૬ | શ્રી વિનોદભાઇ પટેલ | આસી. ઇ. | રૂ.૨૫,૪૧૯=૦૦ |
| ૭ | શ્રી આઇ.ડી.રાઠોડ | આસી. ઇ. | રૂ.૨૦,૨૦૦=૦૦ |
| ૮ | શ્રી રામાજી ઠાકોર | આસી. ઇ. | રૂ.૧૮,૧૮૪=૦૦ |
| ૯ | શ્રી તૃપ્તીબેન ગોહિલ | આસી. ઇ. | રૂ.૧૯,૬૯૬=૦૦ |
| ૧૦ | શ્રી અતુલભાઇ એસ. પટેલ | ટેક. સુપ | રૂ.૧૮૬૨૩=૦૦ |
| ૧૧ | શ્રી પાર્થ બ્રહમભટ્ટ | ટેક. સુપ | રૂ.૫૫૦૦=૦૦ ફીકસ |
| ૧૨ | શ્રી સંજય બ્રહમભટ્ટ | ટેક. સુપ | રૂ.૧૮૭૬૬=૦૦ |
| ૧૩ | શ્રી કિશોરભાઇ એન. વાઘેલા | નોન ટેક.સુપ | રૂ.૧૧,૦૩૨=૦૦ |
| ૧૪ | શ્રી અજય આર પરમાર | નોન ટેક.સુપ | રૂ.૧૦,૨૮૮=૦૦ |
| ૧૫ | શ્રી રમેશભાઇ જોશીયારા | નોન ટેક.સુપ | રૂ.૧૦,૫૨૮=૦૦ |
| ૧૬ | શ્રી કીર્તીભાઇ આઇ.પટેલ | નોન ટેક.સુપ | રૂ.૧૦,૦૦૦=૦૦ |
| ૧૭ | શ્રી મનોજભાઇ દવે | નોન ટેક.સુપ | રૂ.૧૧,૨૮૫=૦૦ |
| ૧૮ | શ્રી કિર્તિભાઇ પટેલ | નોન ટેક.સુપ | રૂ.૧૦,૬૦૩=૦૦ |
| ૧૯ | શ્રી નિર્મલ યાદવ | નોન ટેક.સુપ | રૂ.૧૧,૦૦૦=૦૦ |
| ૨૦ | શ્રી જીતેન્દ્રભાઇ કે દવે | નોન ટેક.સુપ | રૂ.૧૪,૮૧૩=૦૦ |
| ૨૧ | શ્રી કિરીટભાઇ પટેલ | નોન ટેક.સુપ | રૂ.૧૪,૮૦૪=૦૦ |
| ૨૨ | શ્રી પ્રવિણભાઇ એન. જૈસ્વાલ | નોન ટેક.સુપ | રૂ.૧૪,૮૦૪=૦૦ |
| ૨૩ | શ્રી અમૃતભાઇ એમ. દેસાઇ | નોન ટેક.સુપ | રૂ. ૯૨૫૩=૦૦ |
| ૨૪ | શ્રી મીનાબેન ડી. શાહ | નોન ટેક.સુપ | રૂ.૧૧૦૨૩=૦૦ |
| ૨૫ | શ્રી વિલાસબેન આર. પટેલ | નોન ટેક.સુપ | રૂ.૨૫૦૦=૦૦ ફીકસ |
| ૨૬ | શ્રી હેમંત નીનામા | ટાઇપીસ્ટ | રૂ.૧૨,૫૦૦=૦૦ |
| ૨૭ | શ્રી કીર્તિબેન એન. પંડયા | જુ.કલાર્ક | રૂ.૧૧,૨૭૭=૦૦ |
| ૨૮ | શ્રી અમૃતભાઇ પટેલ | સર્વેબોય | રૂ.૯૦૦૨=૦૦ |
| ૨૯ | શ્રી નિવૃત્તીબેન આર. મહેતા | સર્વેબોય | રૂ.૮,૬૧૯=૦૦ |
| ૩૦ | શ્રી હમીદાબેન સૈયદ | મજુર | રૂ.૭,૨૦૦=૦૦ |
| ૩૧ | શ્રી પ્રભાબેન ભાણજીભાઇ સીણોલ | મજુર | રૂ.૧,૫૦૦=૦૦ ફીકસ |
| ૩૨ | શ્રી અનીષાબેન વી. સૈયદ | મજુર | રૂ.૭,૭૫૯=૦૦ |
| ૩૩ | શ્રી પ્રતાપસિંહ ચૌહાણ | મજુર | રૂ.૭,૫૮૫=૦૦ |

## ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટ ખાતાની માહીતી

**વ્યવસ્થા તંત્ર કાર્ય અને ફરજો**

(૧) સમગ્ર અમદાવાદ શહેરના વિકાસને ધ્યાનમાં રાખી હયાત ડ્રેનેજ નેટવર્કમાં જરૂરી સુધારાવધારા કરાવવા માટે કન્સલ્ટન્ટસના પરામર્શમાં રહી મ્યુ. કોર્પો.ના આયોજન કરવામાં આવેલ છે. જે અનુસાર નવી ટ્રંક મેઈન કલાઈન નાંખવી, નવા ડ્રે.પં. સ્ટેશન બાંધવાના નવી ટેકનોલોજીનો અભ્યાસકરી તેઅનુસાર નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધવાના તેમજ તેમાં જરૂરીયાત મુજબ સુધારાવધરા કરાવવા ઉપરોક્ત કામગીરીઓ માટે રાજય સરકાર/કેન્દ્ર સરકારમાંથી ગ્રાંટ /સહાય મેળવવી અગરતો અન્ય નાણાંકીય સંસ્થાઓમાંથી લોન મેળવવા કાર્યવાહી કરવી.

તેમજ આ પ્રોજેકટની પ્રસપોઝલની જે તે સત્તાની મંજૂરીઓ મેળવવી, જરૂરી બજેટ પ્રોવિઝન કરાવવું ટેન્ડર તૈયાર કરાવી, ટેન્ડર મંગાવી તેની મંજૂરીઓ મેળવી તે મુજબ કામગીરી કરાવવી તથા કામો પુરા થયેથી લાઈનો પંપીગ સ્ટેશન, પ્લાન્ટસ કાર્યરત કરાવવા.

(૨) હાલમાં ડ્રેનેજ પ્રોજેકટ ખાતુ ડાયરેકટ મ્યુ.કમિશ્નરશ્રી ના તાબા હેઠળ કામગીરી કરે છે.હાલમાં ખાતામાં નીચે મુજબની કેડરના કર્મચારીઓ કામગીરી કરે છે.

૧) એડી. સીટી ઈજનેર.
૨) ડેપ્યુટી સીટી ઈજનેર.
૩) આસી. સીટી ઈજનેર.
૪) આસી. ઈજનેર.
૫) ટેકનીકલ સુપરવાઈઝર.
૬) સુપરવાઈઝર.
૭) કલાર્ક.

આ સમગ્ર ટીમ સાથે મળીને પ્રોજેકટસની કામગીરીનું આયોજન તથા અમલીકરણ કરાવે છે.

સાઈટપર મંજૂર થયેલ ટેન્ડર મુજબની કામગીરીઓ કરાવવી, કોન્ટ્રા. દ્વારા કરવામાં આવતા કામોનું સુપરવીઝન, કરવામાં આવેલ કામ મુજબ તેના રનીંગ બીલો/ફાઈનલ બીલો બનાવી તેનું પેમેન્ટ માટે પ્રોસેસ કરાવવું

**એડી.સી.ઈ.શ્રીએ** પ્રોજેકટના પ્લાનીંગ, ડીઝાઈનીંગ, ટેન્ડરીંગની કામગીરીમાં ધ્યાન આપવાનું હોય છે. તેમજ કામો ચાલુ કરાવી તેના પ્રોગ્રેસ, પેમેન્ટ વગેરે અંગેના ફાઈનલ નિર્ણયો કરે છે. તેમજ કામોનું મોનીટરીંગ.

**ડે.સી.ઈ.:-** ઉપર જણાવેલ કામગીરીમાં એડી.સી.ઈ. સાથે પરામર્શમાં રહી કામગીરી કરાવવાની હોય છે. સાઈટપર સુપરવીઝન, કામનો પ્રોગ્રેસ, કન્સલ્ટન્ટ સાથે પરામર્શમાં રહી નવા કામોનું આયોજન, ચાલુ કામોમાં જરૂરીયાત મુજબ ડીટેઈલીંગ કરાવવુ, કામોનો પ્રોગ્રેસ વિ. અંગે કોન્ટ્રાકટર પાસેથી કામગીરી કરાવવી તેમજ નીચેના સ્ટાફ સાથે પરામર્સમાં રહી કામોનો કવોલીટી કન્ટ્રોલ, થયેલ કામો મુજબ બીલો બનાવવા વિ. કામગીરીઓ કરાવવાની હોય છે.

આ ઉપરાંત આ કામગીરીઓ માટે રાજય સરકાર, કેન્દ્ર સરકારના જુદાજુદા ખાતાઓના અધિકારીશ્રીઓ સાથે પરામર્શમાં રહી આગળ પ્રોજેકટના કામો બનાવવાના હોય છે.

**આ.સી.ઈ.:-** ડે. સી.ઈ. તથા એડી.સી.ઈ.શ્રીના તાબા હેઠળ તેઓએ કામ કરાવવાનું હોય છે. પ્રપોઝલો,ટેન્ડર વિ. તૈયાર કરવા ઉપરાંત અધિકારીશ્રીઓની સૂચના મુજબ માહિતી એકત્ર કરવી,

સાઈટપર ચાલતા કામોમાં ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરાવવી, આ.ઈ.શ્રી પાસે થયેલ કામો મુજબ બીલો બનાવવા અને તેનું ચેકીંગ કરવું વિ.

**આ.ઈ. :-** આ.ઈ. એ આ.સી.ઈ.શ્રી ની સૂચના અનુસાર ઉપરોકત તમામ કામગીરીઓ કરાવવાની હોય છે.

## ડ્રેનેજ પ્રોજેકટ

**સુઅરેજ નેટ વર્કની માહીતી.**

અમદાવાદ શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઈનો ઘણા વર્ષોથી નાંખવામાં આવેલી છે. અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી રહી છે. શહેરના વધતા જતા વિસ્તારોની સાથે સાથે ડ્રેનેજ સુવિધાઓ આપવાના કામો હાલમાં હાથ ધરવામાં આવી રહયા છે.શહેરના પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારના સુએજના પાણીનો નિકાલ આર.સી.સી. ડકટ લાઈન દ્વારા વાસણા અને પીરાણા ખાતેના ટર્મીનલ પંપીગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા સુએજ ટ્રીટમેન્ટની કામગીરી કરવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના અંદાજે ૧૪૧૮ કી.મી.ના ડ્રેનેજ નેટવર્ક દ્વારા મ્યુનિ. કોર્પો.ના અલગ અલગ વિસ્તારમાં આવેલ કુલ્લે ૪૩ મેઈન ડ્રેનેજ પંપીગ સ્ટેશન તથા ઈન્ટર મીડીયેટ પંપીગ સ્ટેશન તેમજ વાસણા તથા પીરાણા ટર્મીનલ પંપીગ સ્ટેશનમાં આવે છે જયાંથી સુએજને પંપ કરી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. સદર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સુએજને ટ્રીટ કરી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે.

આ ઉપરાંત જી.આઈ.ડી.સી. એફલ્યુઅન્ટ ડીસ્પોઝીલ સ્કીમ અન્વયે નરોડાથી પીરાણા સુધી ૨૭ કી.મી. લાંબી મેગા પાઈપ લાઈન તથા પંપીગ સ્ટેશન કાર્યરત થયેલ છે.સદર મેગા લાઈન દ્વારા ઔધોગિક એફલ્યુઅન્ટ પીરાણા પંપીગ સ્ટેશન મારફતે મીક્ષીંગ ચેમ્બરમાં મોકલવામાં આવે છે. અહી ઈન્ડસ્ટ્રીયલ એફલ્યુઅન્ટ ટ્રીટેડ ડોમેસ્ટીક સુએજ જોડે મીક્ષ કરી નદીમાં નાંખવામાં આવે છે.

**ડ્રેનેજ પ્રોજેકટ :-** ડ્રેનેજ પ્રોજેકટ દ્વારા શહેરના હયાત ડ્રેનેજ નેટ વર્ક તથા સુએજપંપીગ સ્ટેશનોને વિકાસ આધારીત જરૂરીયાત મુજબ સ્ટ્રેન્ધન કરવાની કામગીરી કરવામાં આવે છે. તદૃઉપરાંત શહેરનાં વિકાસશીલ વિસ્તારો તથા અન્ય વિસ્તારો કે જયાં ડ્રેનેજ ની સવલત ઉપલબ્ધ નથી તેવા વિસ્તારોમાં સર્વે કરી,પ્રાયોરીટી મેળવી, બજેટ પ્રોવિઝન તથા કેશફલોનો અભિપ્રાય મેળવી ડ્રેનેજ નેટવર્ક તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવી જેતે વિસ્તારની ડ્રેનેજની સવલત આમ જનતાને મળી રહે તે મુજબનું આયોજન કરવાની કામગીરી કરવામાં આવે છે.

**નવા કામનો અંદાજ**

કોઈપણ નવા કામની જરૂરીયાત જણાંતા પ્રથમ જેતે સત્તાની વહીવટી અનુમતિ મેળવવામાં આવે છે. જેમાં આસી. ઈજનેરશ્રી ડ્રાફટ રજુ કરે છે જેની આસી.સીટી.ઈજનેરશ્રી દ્વારા ચકાસણી થયા બાદ ડે. સીટી ઈજનેર શ્રી તથા ત્યારબાદ એડી.સીટી ઈજનેર શ્રી સમક્ષ રૂબરૂમાં અથવા ટપાલથી રજુ કરાય છે.જેમાં સહી થયેથી મે.મ્યુની. કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે. અને મ્યુનિ. કમિશ્નર શ્રી ની વહીવટી અનુમતિ મેળવવામાં આવે છે.

વહીવટી અનુમતી મળ્યેથી આસી.ઈજનેરશ્રી દ્વારા સ્થળ-સ્થિતિના માપ લઈને અંદાજ બનાવવામાં આવે છે જેની આસી. સીટી ઈજનેર શ્રી તથા ડે. સીટી ઈજનેરશ્રી દ્વારા ચકાસણી કર્યા બાદ,એડી.સીટી ઈજનેરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે.ત્યારબાદ આ કામમાટે બજેટ તથા કેશફલો પ્રોવિઝન કરવા માટે

એકા.ખાતામાં મોકલી આપવામાં આવે છે. તેઓ દ્વારા બજેટ પ્રોવિઝન/કેશફ્લો તથા અન્ય વિગતવાર નોંધણી કરાયા બાદ આગળ યોગ્ય સત્તાની મંજૂરી માટે રજુ કરવામાં આવે છે. આથી વિગત નીચે મુજબ છે.

૧. જોઅંદાજ રૂા. ૨૫૦૦૦/-ની મર્યાદામાં હોય તો તેની મંજૂરી એડી.સીટી ઈજનેરશ્રી દ્વારા આપવામાં આવે છે.

૨. જો અંદાજ રૂા.૫,૦૦,૦૦૦/- નીમર્યાદામાં હોય તો મ્યુનિ. કમિશ્નરશ્રી ની મંજૂરી લેવામાં આવે છે.

૨. જો અંદાજ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય તો તેની મંજૂરી વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો.ની મેળવવામાં આવે છે.

| | અંદાજ | વાર્ષિક કામ | ટેન્ડર | ઓફર/કવોટેશન. |
|---|---|---|---|---|
| એડી.સીટી ઈજનેર | રૂા. ૨૫૦૦૦/- | રૂા.૫૦,૦૦૦/- | ----- | ---- |
| મ્યુનિ.કમિશ્નર | રૂા.૫,૦૦,૦૦૦/- | ----- | રૂા.૫,૦૦,૦૦૦/- | રૂા.૫૦,૦૦૦/- |

આ માટે પ્રથમ દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે. જેમાં એડી.સીટી ઈજનેરશ્રી ની સહીબાદ મ્યુનિ.કમિશ્નરશ્રી ની વહીવટી અનુમતિ મેળવી સદર કામની મંજૂરી મેળવવા માટે મ્યુની. કમિશ્નરશ્રી નો પત્ર તૈયાર કરી વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો. ની મંજૂરી મેળવવામાં આવે છે.

અંદાજની મંજૂરી મળ્યેથી આકામના ટેન્ડર સ્પેશીફીકેશન તૈયાર કરવામાં આવે છે. અને જેની સંપૂર્ણ ચકાસણી આસ.સીટી ઈજનેર, ડે.સીટી ઈજનેરશ્રી તથા એડી.સીટી ઈજનેરશ્રી તરફથી કરાયા બાદ ટેન્ડર ઈન્વાઈટ કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવે છે.

ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે તેમજ મ્યુનિ.કોર્પો. ની વેબ સાઈટ www.egovamc.com ઉપર મૂકી પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેમાં રસ ધરાવતી પાર્ટીઓ/કોનટ્રાકટર પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. તથા ટેન્ડર ડાઉન લોડ કરવાની તારીખ, ટેન્ડર સ્વીકારવાની તારીખ/સમય જણાવવામાં આવે છે. તથા સબમીટ કેવી રીતે તથા કયાં કરવાના થાય છે તે પણ જણાવવામાં આવે છે.

ટેન્ડર સ્વીકારાયા બાદ આ ટેન્ડર ખોલવામાં આવે છે. આ ટેન્ડર આસી. મેનેજરશ્રી (પ્રોજેકટ) દ્વારા ખોલવામાં આવે છે અને ડીપાર્ટમેન્ટમાં આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.

આવેલ ટેન્ડરોની ચકાસણી કરવામાં આવે છે.

અર્નેસ્ટ મની ભરેલી છે કે કેમ ? તે જોવામાં આવે છે.

કોઈ શરત લખેલ છે કે કેમ ?

લોએસ્ટ ટેન્ડરના ભાવોની એસ.ઓ.આર. તથા પ્રવર્તમન બજારભાવ સાથે સરખામણી કરીને વ્યાજબી ભાવના ટેન્ડરને યોગ્ય સત્તાની મંજૂરી માટે રજુ કરવામાં આવે છે.

જો ટેન્ડર રૂા.૧,૦૦,૦૦૦/- કરતાં વધુ રકમનું હોય તો તેની વધુ ચકાસણી માટે ટેન્ડર સ્કુટીની કમીટીમાં રજુ કરવામાં આવે છે. ટેન્ડર સ્કુટીની કમીટીમાં ડે. મ્યુની.કમિશ્નરશ્રી તથા એડી.સીટી ઈજનેરશ્રી સદસ્ય હોય છે. તથા પ્લાનીંગ ઓફીસરશ્રીની હાજરીમાં રજુ કરવામાં આવેલ ટેન્ડરની ચકાસણી /ચર્ચા વિચારણા કરવામાં આવે છે. સ્કુટીની કમીટીમાં મંજૂર થયા બાદ મ્યુનિ. કમિશ્નરશ્રી ની મંજૂરી મળતા ટેન્ડર અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવે છે. જેનીમંજૂરીની સત્તા નીચે મુજબ છે.

જો ટેન્ડરની રકમ રૂ.૨,૦૦,૦૦૦/-હોય તો ડે. મ્યુનિ.કમિશ્નરશ્રી

જો ટેન્ડરની રકમ રૂ.૫,૦૦,૦૦૦/-હોય તો મ્યુનિ.કમિશ્નરશ્રી

જો ટેન્ડરની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/-હોય તો વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી

જો ટેન્ડરની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે સ્ટે.કમિટી.

**કામ દરમ્યાન :-** સાઈટ ઉપર સુપરવાઈઝર/ટેકનીકલ સુપરવાઈઝરની મદદથી આસી. ઈજનેર દ્વારા કામ એકઝીકયુટ કરાવવામાં આવે છે. જેનું રોજબરોજનું ચેકીંગ આસી. ઈજનેરશ્રી દ્વારા તેમજ અઠવાડીયામાં અવારનવાર આસી.સીટી ઈજનેર શ્રી તથા ડે.સીટી ઈસજનેરશ્રી દ્વારા ચેકીંગ કરવામાં આવે છે. કામ લાઈન લેવલમાં સ્પેશીફીકેશન મુજબનું ખાતાના ઈજનેરશ્રીઓની સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવે છે.

**પ્રોજેકટના કામો :-** પ્રોજેકટના કામોમાં હયાત ડ્રેનેજ લાઈન નેટ વર્ક તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશનને સ્ટ્રેન્ધન કરવા તેમજ કોર્પોરેશનના જે વિસ્તારમાં ડ્રેનેજની સુવિધા નથી તે વિસ્તારનો સર્વે કરી ડ્રેનેજ લાઈનના નેટવર્કનો તથા પંપીગ સ્ટેશન બનાવવા અંગે પ્રાયોરીટી નકકી કરવામાં આવે છે. જેના માટે જરૂરી બજેટ પ્રોવિઝન તથા કેશ ફલો મેળવવામાં આવે છે.

**કન્સલ્ટન્ટ :-** કામની પ્રાયોરીટી નકકી થયા બાદ કન્સલ્ટન્ટની માન્ય યાદીમાંથી કન્સલ્ટન્ટ પસંદ કરવામાં આવે છે જેમને જરૂરીયાત મુજબના ડેટા હયાત નેટવર્કની માહીતી (નેટ વર્ક હોય તો ) તેમજ ટી.પી./ડી.પી. પોપ્યુલેશન, પાણીના સપ્લાય વિગેરેની પ્રિલીમીનરી ફીઝીબીલીટીની ચકાસણી કરીને માહીતી આપવામાં આવે છે. જેના આધારે કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓલ્ટરનેટીવસ અંગે જરૂરી ચર્ચા વિચારણા એડી. સી.ઈ. શ્રી તથા સીટી ઈજનેર તેમજ મ્યુનિસિપલ કમિશ્નર સાથે કરવામાં આવે છે અને ઓલ્ટરનેટીવસ પૈકી સાદી ઈકોનોમીકલ પ્રપોઝલ ફાઈનલ કરી તે અંગે આગળ કાર્યવાહી કરવા કન્સલ્ટન્ટને જણાવવામાં આવે છે.

**ટેન્ડર /અંદાજ :-** કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રપોઝલની દરેક આઈટમના માપ તેમાં લેવામાં આવેલ ભાવો વિગેરેની સુક્ષ્મ ચકાસણી ખાતા દ્વારા કરવામાં આવે છે. તેમજ ટેન્ડર તથા તેના સ્પેશીફીકેશન વિ. ની ચકાસણી કર્યા બાદ તે અંગે ટેન્ડર નોટીસ વિગેરે તૈયાર કરવામાં આવે છે.

દરેક ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી તથા અંગ્રેજી સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. સાથે સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોની વેબ સાઈટ www.egovamc.com માં પણ અપલોડ કરી મૂકવામાં આવે છે.

જો ટેન્ડર મોટું હોય તો નેશનલ લેવલે મેટ્રો સીટી જેવા કે દિલ્હી, ચેનાઈ, મુબંઈ અને કલકતા જેવા શહેરોનાં અંગ્રેજી દૈનિક પત્રોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેમજ વેબ સાઈટ ઉપર સદર ટેન્ડર નોટીસ અપલોડ કરી મૂકવામાં આવે છે.

સદર ટેન્ડર નોટીસમાં ટેન્ડર અંગે તમામ પ્રકારની માહીતીનો સમાવેશ કરવામાં આવે છે. ટેન્ડર સ્વીકારવાની છેલ્લ તારીખ/ સમય , પ્રિબીડ મીટીંગની તારીખ /સમય તથા ટેન્ડર ખોલવાની તારીખ અને સમય સ્પષ્ટ જણાવવામાં આવે છે.

ટેન્ડર ટુ બીડ સીસ્ટમથી મંગાવવામાં આવે છે.પ્રથમ પી . કયુ. - ટેકનીકલ બીડએડી.સીટી ઈજનેરશ્રી ની અધક્ષતા હેઠળ, કોન્ટ્રાકટરના પ્રતિનિધીઓ, અન્ય અધિકારીશ્રીઓ તથા ટેન્ડર ઓફીસરશ્રીની હાજરીમાં ખોલવામાં આવે છે. જયારે પ્રાઈસ બીડ ખોલ્યા વગર અલગ રાખવામાં આવે છે.

ટેકનીકલ બીડની સુક્ષમ ચકાસણી કરાયા બાદ, કન્સલ્ટન્ટ શ્રી નો અભિપ્રાય મેળવીને કવોલીફાઈડ થતા કોન્ટ્રાકટરોની પ્રાઈસ બીડ ખોલવાની મંજૂરી માંગવામાં આવે છે. ખાતા દ્વારા મૂકવામાં આવેલ રીપોર્ટ

મે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ની મંજૂરી મળતા, કવોલીફાઈડ થયેલ બીડર્સને તેઓની પ્રાઈસ બીડ ખોલવાની તારીખ/સમય/સ્થળ તથા તે સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

ટેન્ડર નિયત કરેલ તારીખ/સમય/સ્થળે એડી.સી.ઈ. શ્રી ની અધ્યક્ષતા હેઠળ, બીડર્સનાં પ્રતિનીધીઓની હાજરીમાં ખોલવામાં આવે છે. આ સમયે ટેન્ડર ઓફીસરશ્રી, કન્સલ્ટન્ટશ્રી તથા ખાતાના અન્ય અધિકારીશ્રીઓ હાજર રહે છે.

કવોલીફાઈડ થયેલ બીડર્સના ટેન્ડર ખોલાયા બાદ

(૧) ટેન્ડરમાં ભરેલભાવ / રકમ વિગેરે શબ્દો તથા આંકડાની ચકાસણી કરવામાં આવે છે.

(૨) તેના ગુણાકાર તથા ટોટલની ચકાસણી કરવામાં આવે છે.

(૩) અન્ય કોઈ શરત છે કે કેમ ? તે જોવામાં આવે છે.

અન્ય જરૂરી ચકાસણી કર્યા બાદ લોએસ્ટ (એલ.૧) કોન્ટ્રાકટરના ટેન્ડરની/તેના ભાવની શીડયુલ ઓફ રેઈટસ, પ્રવર્તમાન બજાર ભાવ વિગેરે સાથે સરખામણી કરીને તેની મંજૂરી મેળવવાની વહીવટી અનુમતિ મે. મ્યુનિ.કમિ.શ્રી ની ખાતા દ્વારા મેળવવામાં આવે છે.

સદર મંજૂરી મળેથી આ ટેન્ડર,ટેન્ડર સ્કુટીની કમીટી સમક્ષ રજુ કરવામાં આવે છે.જયાં પુરેપુરી ચકાસણી/સ્કુટીની થયા બાદ એપ્રુવલ મળેથી મ્યુનિ. કમિશ્નરશ્રી સમક્ષ મૂકવામાં આવે છે. જયાં સદર કામની અનુમતિની દરખાસ્ત તથા મ્યુનિ. કમિ.શ્રી ના પત્રમાં સહી થયેથી કામ કમીટી સમક્ષ મૂકવામાં આવે છે.

કામ જો રૂા.૫.૦૦ લાખ કરતાં વધુ રકમનું હોય તો આ કામના ટેન્ડર વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફત સ્ટેન્ડીંગ કમીટીની મંજૂરી તથા અંદાજ વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો.ની મંજૂરી મેળવવામાં આવે છે.

ઉપરોકત મંજૂરી મળેથી મંજૂર થયેલ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવે છે. તથા ટેન્ડર રકમની ૫% લેખે રકમની ડીપોઝીટ, બેંક ગેરંટીના ફોર્મમાં જમા કરાવી, કરારપત્ર એકઝીકયુટ કરવા જણાવવામાં આવે છે. જે પ્રક્રિયા કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા સાઈટ મોબીલાઈઝ કરીને, કામ શરૂકરવામાં આવે છે.

કામની લાઈન આઉટથી લઈને દરેક પ્રકારની ચકાસણી ખાતાના ટેકનીકલ સુપરવાઈઝર તથા આસી. ઈજનેર શ્રી દ્વારા ખુબજ ધ્યાન પૂર્વક કરવામાં આવે છે. કન્સલટન્ટ તરફથી રીલીઝ કરવામાં આવતા પ્લાન તેના બતાવેલ ડીટેઈલ્સ મુજબ કામ કરાવવામાં આવે છે. જેનું ચેકીંગ (૧૦૦%) આસી. સીટી ઈજનેરશ્રી દ્વારા કરવામાં આવે છે.

કામની કવોલીટી જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. સ્પેસીફીકેશનમાં દર્શાવેલ ટેસ્ટ, સમયાંતરે કરવામાં આવે છે. સાઈટ ઉપર ઉતારવામાં આવેલ મટીરીયલના ટેસ્ટ રીપોર્ટ આવ્યા બાદ જ માલ વાપરવાની પરવાનગી આપવામાં આવે છે. ટેસ્ટીંગમાં ફેઈલ થયેલ માલ સાઈટ ઉપરથી દૂર કરાવી, સ્પેસીફીકેશન મુજબનો માલ લાવી કામ કરાવવા જણાવવામાં આવે છે.

<u>પેમેન્ટ :-</u> કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતા કામના સાઈટ ઉપર ટેકનીકલ સુપરવાઈઝરની મદદ લઈને આસી. ઈજનેરશ્રી દ્વારા માપ લઈ બીલ રેકર્ડ કરવામાં આવે છે.જેમાં આ.ઈ. દ્વારા સર્ટીફીકેટ આવ્યેથી આ બીલ આસી.સી.ઈ. ૧૦૦% ચેકીંગ કરે છે. અને સંતોષકારક જણાયા બાદ સહી કરીને ડે. સી.ઈ.શ્રી સમક્ષ ચેકીંગ માટે રજુ કરાય છે.ડે.સી.ઈ.શ્રી, જો રનીંગ બીલ હોય તો બીલ રકમના ૫% રકમનું ચેકીંગ કરી સર્ટી ફાઈડ કરેછે. તથા કામની ઓવર ઓલ ગુણવતાની ચકાસણી પણ કરે છે.આ બીલ એડી. સીટી ઈજનેર

શ્રી સમક્ષ રજુ કરાય છે. અહી કામનું ઈન્સપેકશન કરી, કામ સંતોષ કારક જણાય તો પેમેન્ટ કરવા રેકમ્નડ કરી તેઓની સહીથી એકાઉન્ટ ખાતે પેમેન્ટ માટે મોકલવામાં આવે છે..

કામ પુરૂ થયા બાદ કામનું ફાઈનલ પેમેન્ટ થયા બાદ ટેન્ડરમાં જણાવ્યા મુજબના સમય સુધી કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ, જે કોન્ટ્રાકટરના સંતોષકારક કોન્ટ્રાકટ પરફોમન્સ માટે જમા લેવામાં આવે છે. તે રીલીઝ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત અમુક કામોમાં પરફોમન્સ ગેરંટી તથા ડીફેકટ લાયાબીલીટી ગેરંટી લેવામાં આવે છે. સામાન્ય રીતે ડ્રેનેજ પ્રોજેકટમાં સુઅરેજ પંપીગ સ્ટેશનના ઈલે.મીકે.ની ઈન્સ્ટોલેશન તથા રાઈઝીંગ મેઈનના કામો માટે એકથી ત્રણ વર્ષની પરફોમન્સ ગેરંટી લેવામાં આવે છે જે તેટલા સમય ગાળા દરમ્યાન જો સ્ટ્રકચર/મશીનરીમાં વર્ષના ગાળામાં કોઈપણ ઓપરેશન મેઈન્ટેનન્સમાં ખામી જણાતાં કોન્ટ્રાકટરે સુધારી આપવાની હોય છે. આ સમયગાળો સંતોષકારક રીતે પસાર થયા બાદ ગેરંટી પરત કરવામાં આવે છે.

## ડ્રેનેજ પ્રોજેકટ

## પત્રક-૧-નાણાંકીય સિધ્ધી

| અ.નં. | કામનુંનામ | અંદાજીત ખર્ચ રૂા. લાખમાં | ૩૧.૦૩.૦૯ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | વટવા(નવાણા) ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૮૯૧.૦૫ | ૪૧૫.૯૮ | કામ પૂર્ણ |
| ૨ | પીરાણા ટર્મીનલ સુએઝ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૯૩૯.૨૩ | ૬૨૧.૫૦ | કામ પૂર્ણ |
| ૩ | સરદારનગર અને આંબાવાડી ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા અને રાઈઝીંગ લાઈન નાંખવા. | ૮૦૬.૫૪ | ૩૩.૭૦ | સરદારનગર ૧૦૦% પૂર્ણ |
| ૪ | વાસણા ખાતે આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના લગૂન નં.૧ તથા ૨ નું ડીશીલ્ટીંગ કરવાનું કામ | ૧૦૫.૦૦ | | |
| ૫ | પીરાણા ૧૦૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે જરૂરી ગેસ એન્જીન તથા આલ્ટરનેટરની ખરીદી | ૨૫૦.૦૦ | | |
| ૬ | પીરાણા ટી.એસ.પી.એસ. ખાતે બાયપાસ ડકટના સાબરમતી નદીમાં આઉટફોલ સ્ટ્રકચરની રીપેરીંગની કામગીરી | ૮૯.૮૬ | ૪૦.૫૦ | |
| ૭ | શહેરની જુદી જુદી સાઈઝની ડ્રેનેજ લાઈનોની ડીસીલ્ટીંગની કામગીરી માટે હાઈફલો જેટીંગ મશીન સાથે આધુનિક સુપરસકર મશીન સેટ -૨ ની ખરીદીની કામગીરી | ૨૦૦.૦૦ | | વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૮ | ન્યુસબર્બન ખાતે નવું પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી | ૨૧૬૯.૦૦ | | |
| ૯ | વાસણા/પીરાણા ટર્મીનલ સીવીલ, ઈલેકટ્રીકલ, મીકેનીકલ રીપેરીંગની કામગીરી | ૧૨૫.૦૦ | | |
| ૧૦ | ૨૦ એચ.પી.ના સબમર્સીબલ ટાઈપના લિકેજ પંપ જરૂરી સ્વીચ, સ્ટાર્ટર,પાઈપ સાથેના નંગ ૧૦ ખરીદવાનું કામ | | ૧૭.૬૦ | |
| ૧૧ | સુપરસકર મશીનની ઓપરેશન /મેન્ટેનન્સની કામગીરી (ભાડાથી-૨ મશીન) | | ૪૨.૫૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | જુદા જુદા ડ્રેનેજ પંપીગ સ્ટેશનની હયાત પંપીગ મશીનરી બદલવા માટે જરૂરી નવા સુએઝ પંપો,સ્વીચ,સોફ્ટ સ્ટાર્ટર, સ્ટાર ડેલ્ટા સ્ટાર્ટર વિગેરે ખરીદ કરવાનું કામ | ૧૫૦.૦૦ | | |
| ૧૩ | હયાત તેમજ નવા કમ્બાઇન મશીનો માટે જેટીગ હોઝ પાઇપ,સક્શન હોઝ પાઇપ, નોઝલ વિગેરે એસેસરીઝ ખરીદ કરવાનું કામ | ૩૦.૦૦ | | |
| ૧૪ | પિરાણા ટર્મિનલ સુએઝ પંપીગ સ્ટેશન ખાતે વુડન ગેઇટની જગ્યાએ બે નંગ સ્લુઇસ ગેઇટ મુકવાનું કામ | ૨૦.૦૦ | | |
| ૧૫ | પિરાણા ટર્મિનલ સુએઝ પંપીગસ્ટેશન ખાતે બે નંગ ઈમ્પોર્ટેડ સુએઝ પંપ સેટ બદલવાનું કામ | ૧૦૦.૦૦ | | |
| ૧૬ | પિરાણા ટર્મિનલ સુએઝ પંપીગસ્ટેશન ખાતે પેનલ બોર્ડમાં રીપેરીંગ તેમજ રીપ્લેસમેન્ટની કામગીરી | ૧૦.૦૦ | | |
| ૧૭ | વટવા વિસ્તારમાં હાઉસીંગ પ્રોજેકટ દ્વારા બનાવવામાં આવી રહેલ ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટર્સને જોડતી સુએજ લાઈન નાંખવાની કામગીરી | ૧૦૦.૦૦ | | |
| ૧૮ | દક્ષિણ તથા પૂર્વ ઝોનના સુએજ પંપીગ સ્ટેશનોની કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામ | ૧૧૦.૦૦ | | |

## જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ

## પત્રક-૧ નાણાંકીય સિધ્ધી

| અ.નં. | કામનુંનામ | અંદાજીત ખર્ચ રૂા. લાખમાં | ૩૧.૦૩.૦૯ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | પીરાણા(નવું) ખાતે ૧૮૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૬૮૭૨.૦૦ | ૫૧૩૦.૦૯ | ટ્રાયલ રન પ્રગતિમાં છે. |
| ૨. | પીરાણા (જુનુ) ખાતે ૬૦ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૨૭૫૨.૦૦ | ૧૨૩૬.૫૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૩. | વાસણા  ખાતે ૩૫ એમ.એલ.ડી. ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૧૬૫૦.૦૦ | ૭૧૦.૩૮ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૪. | પશ્ચિમ ઝોન ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી-પેકેજ-૧ અને ૨. | ૬૯૯૫.૦૫ | ૩૫૨૭.૩૪ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૫. | ઉત્તર ઝોન ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી-પેકેજ-૧,૨,૩ અને ૪. | ૧૧૭૨૨.૫૪ | ૩૧૯૨.૭૫ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૬. | મધ્ય ઝોન ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી. | ૧૦૨૬.૦૨ | ૫૦૫.૨૬ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૭. | પૂર્વ ઝોન ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી-પેકેજ-૧ અને ૨. | ૬૪૭૭.૨૧ | ૨૬૦૪.૭૯ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૮. | દક્ષિણ ઝોન ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી-પેકેજ-૧,૨ અને ૩. | ૧૩૬૯૯.૯૧ | ૧૬૫૧.૩૩ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૯. | પૂર્વ અને દક્ષિણ ઝોનમાંથી વરસાદી પાણીના નિકાલ માટે સ્વસ્તિક ક્રોસ રોડથી હાટકેશ્વર આવકાર હોલ દક્ષિણી બ્રીજ થઈ ખોડીયારનગરથી સાબરમતી નદી સુધી આર.સી.સી ડક્ટ બનાવવાની કામગીરી. | ૩૫૭૭.૪૩ | ૨૯૦૭.૯૪ | કામગીરી હાલમાં ચાલુ છે. |